જ્ઞાનલ્હાણી

શ્રી

રામાયણની રહસ્ય કથા

કથાકાર—સ્વ. સ્વામી મહાનંદજી

પ્રકાશક:—શાહ સોમાભાઈ વનમાળીદાસ
નાપા

સંવત: ૧૯૮૩ પ્રત ૧૦૦૦

મૂલ્ય:—ધૈર્યથી વિચારી બીજાને બોધી રામવત
ગ્રહણ કરવું ને કરાવવું તે.

બીજી જગ્યાએ છપાવતાં પહેલાં

શ્રી. પું. આર્યપ્રકાશ મુદ્રણાલય

ની

મુલાકાત અવશ્ય લેજો.

આ છાપખાનું સારૂં, સસ્તુ અને વખતસર
છાપવાનું કામ કરી આપવા માથે લે
છે. પ્રેસ ધાર્મિક સંસ્થાનું છે; જેથી
છાપવાનું કામ આપી અપરોક્ષ
રીતે પણ ધાર્મિક કાર્યને સહા-
યતા આપવા ચુકશો નહિ.

ઠગાવાની જરા પણ ચિંતા
રાખશો નહિ.

મેનેજર

શ્રી. પું. આર્યપ્રકાશ મુદ્રણાલય,
સ્ટેશન રોડ, આણંદ.

રામાયણની રહસ્યકથા

(મહર્ષિ દયાનંદ સરસ્વતીની શતવર્ષી પ્રસંગે "ટંકારા"માં સંન્યાસી શ્રી શ્રદ્ધાનંદજીને શ્રીમુખેથી)

પુરુષવરો (સુપરમેન) ના પૂજક સાધુ વસવાણી તેમના એક વ્યાખ્યાનમાં જગતના પુરુષવરોની નામાવલિ ગણાવતા હતા. તેમણે બુદ્ધ, મહાવીર, કૃષ્ણ, ક્રાઇસ્ટ, કોન્ફ્યુશિયસ, મહંમદ, નાનક કેશવચંદ્ર સેન અને રાજા રામમોહનરાય વગેરે કેટલાંયે નામો ઉચ્ચાર્યાં પણ તે એક નામ ચૂકી ગયા. વસવાણીજીના શ્રોતૃવર્ગમાંથી એક મુસલમાન બિરાદરે ખડા થઇ તે નામ સૂચવ્યું : 'સાધુજી! આપે બધાં નામો ગણાવી દીધાં; પણ સૌથી વિશેષ જ્યોર્તિમય રામચંદ્રજીનું નામ આપ ચુકી ગયા. રામચંદ્ર જેવા આદર્શ પુરૂષ (આઇડીઅલ મેન)નાં દર્શન મેં જગતના સાહિત્યમાં ક્યાંય નથી કર્યાં'. વસવાણીજીએ પોતાની શરતચુક સુધારી અને રામચંદ્રનું નામ જગતના એક આદર્શ પુરૂષ તરીકે જનતાને સંભળાવ્યું.

હું પોતે તો રામાયણનો ભકત છું. મારા જેવા ભકતને એક વખત રામાયણ ઉપર મુગ્ધ એવા અંગ્રેજ અફસર મળી ગયા. તેમણે રામાયણનું અંગ્રેજીમાં ભાષાંતર કરેલું છે. એ સજ્જને મને કહ્યું કે : 'જગતના વાઙ્મયમાં રામ જેવું પાત્ર મને કયાંય નથી લાધ્યું. હું ધર્મે ખ્રિસ્તી છું, જીસસનો અનુયાયી છું; પણ એ છતાંયે, રામચંદ્રને એક હિંદુ ભકત જેટલા ભાવથી પૂજું છું તમે રામચંદ્રને મર્યાદા પુરુષોત્તમ કહો છો, તેવા જ પુરુષોત્તમ એ રામચંદ્ર મને દેખાયા છે અને રામચંદ્રજીનું જેમાં ધ્યાન ગવાયું છે, તે રામાયણ પણ મને જગતનું અદ્વિતીય મહાકાવ્ય દેખાયું છે રામ અને રામાયણના પરિચયે મારી જીંદગી સાર્થક થઇ છે.

એવા અદ્દભુત રામાયણની અપુર્વતાઓ અને ભવ્યતાઓ હું આપને પૂરેપૂરી કયી રીતે બતાવી શકું ? એ આદર્શ પુરૂષ, એ મર્યાદા પુરુષોત્તમ, એ રામચંદ્રના જીવનની મનોહરતા હું આપને કયી રીતે પૂરેપૂરી બતાવી શકું? રામાયણના મહાસાગરમાં સંઘરાયેલી ઝવેરાત આપની સમક્ષ પૂરેપૂરી ખુલ્લી મુકી શકું એવો મને વિશ્વાસ નથી; એ છતાંયે હું કથા વાંચવાનો બીન-અનુભવી આપની પાસે રામાયણની કથા વાંચવાનો પ્રયત્ન કરીશ.

હિંદુસમાજની રચના ઉપર સૌથી વિશેષ પ્રકાશ તો રામાયણના કર્તાના નામમાંથી નીતરે છે. રામાયણના કર્તા ઋષિ વાલ્મીકિ કોણ હતા ? વાલ્મીકિ તેમના પુર્વાશ્રમના ભીલ હતા અને ગુણ અને કર્મથી ઋષિ બન્યા હતા, એ રામાયણનો પ્રથમ બોધ છે. આજે હિંદુસમાજમાં માણસનો વર્ણાશ્રમ તેના જન્મ ઉપર આધાર રાખે છે, આજે અંત્યજને ઘેર અવતરેલા બાળકને હિંદુના મંદિરમાં પગ મુકવાનો અધિકાર નથી; પણ રામાયણ તો પુકારી પુકારીને કહે છે કે, ભીલ પણ બ્રાહ્મણ બની શકે છે; રામાયણ આજના પતિત હિંદુસમાજને સદ્દબોધ પાઠવે છે કે વર્ણ જન્મ ઉપર અવલંબે છે.

રામચંદ્રના પિતા દશરથરાય પણ ત્રણ પત્નીઓ કરે છે હિંદુધર્મનો એકપત્નીવ્રતનો આદર્શ ચૂકે છે અને તેનું પરિણામ શું છે? રામચંદ્રજીનો વનવાસ. પછી રામાયણના નાયક રામચંદ્ર જીવનભર એકપત્નીવ્રત આચરે છે, એમ રામાયણમાંથી તમામ હિંદુઓને માટે એકપત્નીવ્રતનો અચળ સિદ્ધાંત પ્રતિપાદિત થયો છે. આજે કેટલાય હિંદુ રાજવીઓ, એ સિદ્ધાંતનો ભંગ કરી અનેક પત્નીઓ કરે છે અને તેનાં પરિણામ વિનાઅપવાદે કડવાં જ આવે છે.

દશરથના દરબારમાં વિશ્વામિત્ર ઋષિ આવે છે. રાજા રાજ-સિંહાસનેથી ઉઠી, ઋષિના પાદનું પ્રક્ષાલન કરી, આવકાર આપે છે. વિશ્વામિત્રને રાજસિંહાસને પધરાવી, પોતે બે હાથ જોડી તેમની સામે બેસે છે અને ઋષિજીની આજ્ઞા માગે છે. વિશ્વામિત્ર વેણુ ઉચ્ચારતાં પહેલાં રાજાને વચનથી બાંધી લે છે અને પછી પોતાના યજ્ઞની રક્ષા કરવા રામલક્ષ્મણની જોડી સાથે લઇ જવાની માગણી કરે છે. દશરથ મુંઝાયા. બન્ને બાળક રાજકુમારોને રાક્ષસો સામે લડવા મોકલતાં દશરથનો જીવ નથી ચાલતો. તેમણે મહર્ષિને વિનવ્યા કે; "આપ ફરમાવો તો હું મારૂં આખું સૈન્ય લઇને આવું" વિશ્વામિત્રને રામ અને લક્ષ્મણનું જ યુગલ જોઇતું હતું. દશરથ રાજા વચનથી બંધાયા હતા; એટલે મન ન માનતાં છતાં તેમણે રામલક્ષ્મણને મહર્ષિની સાથે મોકલ્યા. આ પ્રસંગમાં એક વચનનો આદર્શ મળ્યો છે. **સાચો ક્ષત્રિય વચનને કાજ તેનું માથું ઉતારી આપે.** આજે એવા વચન પાળનારા ક્ષત્રિયો ક્યાં છે? આજે તો ક્ષત્રિય રાજાને તેના વચનની કશી જ કીંમત નથી રહી, સાચું ક્ષાત્રતેજ ક્યાંય નથી દેખાતું! એજ હિન્દુસ્તાનના અધ:પાતનું મુખ્ય કારણ છે.

બ્રહ્મચારી રામ અને લક્ષ્મણ તેમના બ્રહ્મચર્યના બળે હજારો રાક્ષસોને હણી, વિશ્વામિત્રના યજ્ઞની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ કરાવી ઋષિની સાથે સીતાજીના સ્વયંવર દરબારમાં જાય છે. સ્વયંવરમાં શિવધનુષ્ય તોડવાનું હતું. એ શિવધનુષ્યને બ્રહ્મચારિણી સીતાએ એક વખત રમતમાં સરળતા પૂર્વક ઉંચકેલું, એમ રામાયણમાં વર્ણન છે. જે ધનુષ્ય સીતા જેવી બાળકીથી ઉંચકી શકાયું તેને આર્યાવર્તના સહસ્ર રાજવીઓમાંથી કોઇ ન ઉંચકી શક્યું. લંકા-પતિ રાવણ પણ ન ઉંચકી શક્યો! આખરે વિશ્વામિત્રની આજ્ઞાથી

રઘુકુળપતિ રામચંદ્રે તેને ઉંચકી તેના ટુકડા કરી નાખ્યા. એ પ્રસંગમાં બ્રહ્મચર્યનો પ્રતાપ ગવાયો છે. આજે આપણા જીવનમાં એ બ્રહ્મચર્યનું સ્થાન ક્યાં છે?

સીતાએ શિવધનુષ્ય ફેરવી, બ્રહ્મચારિણીની શક્તિનો પરિચય દીધો, એમ એ વખતની આર્યનારીના ઓજસનું એક બીજું જ્વલન્ત દૃષ્ટાંત રામાયણમાંથી મળે છે.

દશરથ એક વખત યુદ્ધમાં ગયેલા, ત્યારે કૈકેયી તેમની સંગે સીધાવેલી. યુદ્ધદરમિયાન દશરથના રથની ધરી નીકળી ગઇ, કૈકેયીએ પોતાનો હાથ ધરીને સ્થાને રાખી અને છાતીથી રથને ટેકાવી દશરથને વિજય અપાવ્યો. ભારતની દેવીઓ ગૃહે ચઢતી અને વિજયને વરતી. ત્યાં સુધી ભારતવર્ષ સ્વતંત્ર હતો. એવી છેલ્લી રણચંડી ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ પાકી. એક અંગ્રેજ ઇતિહાસક લખે છે કે, જ્યાં સુધી ૧૮૫૭ના બળવાનો ઝંડો લક્ષ્મીબાઇના હાથમાં હતો અને એ વિરાંગના યુધ્ધના વ્યુહો ગોઠવતી, ત્યાં સુધી અંગ્રેજોની તાકાત નહોતી કે બળવાખોરોને પાછા હઠાવી શકે. ત્યારે હિન્દી બળવાખોરોની તરવારથી અંગ્રેજોનાં ધડ ધડાધડ નીચે પડતાં અને એ શબોને પગ નીચે કચડી વિજયવંત બળવાખોરો આગળ વધતા; પણ નાનાસાહેબે લક્ષ્મીબાઇના હાથમાંથી ઝંડો બીજાના હાથમાં સોંપ્યો, ત્યારથી બળવાખોરોનો પરાજય થયો.

આજે ભારતવર્ષમાં કૈકેયી કે લક્ષ્મી બાઇઓ છે? આજે ભારતમાં રણચંડીઓ નીપજે છે? આજે સ્ત્રીઓની શી દશા છે? ગુજરાતમાં પડદો છે એ હું જાણતો હતો, પણ કાઠીઆવાડમાં એ પડદો છે એ હું નહોતો જાણતો. પડદો હિન્દુસ્થાનમાં મુસલમાનોની સાથે આવ્યો છે. બારમા સૈકા સુધી ભારતવર્ષમાં પડદો નહોતો. તેરમા

સૈકામાં પણ પડદો નહોતો. ચૌદમા સૈકામાં એ હિંદુસ્થાનમાં આવ્યો અને પછી તો તમારા કાઠિઆવાડમાં પણ પેઠો. મુસલમાનો હિંદુ સ્ત્રીઓને ઉઠાવી જતા. તેમની સામે લડવાની આપણી તાકાત નહોતી એટલે સ્ત્રીની આબરૂનું રક્ષણ કરવા સ્ત્રી ઉપર પડદો પડયો અને એની સાથે જ સંરક્ષણવૃત્તિમાંથીજ બાળલગ્નનો અનાચાર અવતર્યો. પુત્રીનું રક્ષણ કરવાને અશક્ત પિતાઓ તેમની કન્યાઓને કાચી વયે પરણાવવા માંડયા. એમાંથી જ આજની નિર્બળ-કમ તાકાત હિંદુ પ્રજા જન્મી છે.

દશરથ રાજાને વાનપ્રસ્થ લેવું હતું તેમને રામચંદ્રનો રાજ્યાભિષેક કરી, તેમના શિરપર રાજ્યધુરા નાખવી હતી, પણ તે વખતે આજની જેમ ડેસ્પૉટીક મૉનાર્કી-આપખુદી એકહથ્થુ સત્તાનો જમાનો નહોતો. પણ આઇડીઅલ ડીમોક્રેટી મોનાર્કી-આદર્શ પ્રજા નિયંત્રિત રાજ્યતંત્રનો યુગ હતો. દશરથ રાજાએ રાજ્યના પ્રજાજનોને બોલાવ્યા, ઋષિજનોને અને બ્રહ્મદેવોને તેડાવ્યા અને તેમની સમક્ષ પોતાની ઇચ્છા રજુ કરી, પ્રજાની આજ્ઞા મેળવી. રામચંદ્રજીનો રાજ્યાભિષેક ઠેરવાયો.

આજે રાજાઓની રાણીઓને ઝનાનો છે. આજે રાજ્યાભિષેક થાય છે તે એક પુરૂષનોજ. સ્ત્રીનો-જીવનભર સાથે રહેનારી અર્ધાંગનાનો-રાજરાણીનો-નહિ. હા, વિલાયતમાં રાજા જ્યૉર્જ અને રાણી મેરી સાથે સિંહાસને બેસે છે, ત્યાં પતિપત્નિ બન્નેનો રાજ્યાભિષેક થાય છે; પણ ભારતવર્ષમાં અત્યારે તેમ નથી. રામ યુગમાં આજના જેવી સ્થિતિ નહોતી, રામયુગમાં પુરૂષ અને સ્ત્રીનો બન્નેનો સાથે રાજ્યાભિષેક થતો; તે વખતે રાજ્યની ધુંસરી બન્નેને સાથે પહેરાવાતી.

દશરથ રાજાએ રાજ્યાભિષેકની ખબર આપવા રામ અને સીતાને બોલાવ્યાં. બન્નેએ પિતાની આજ્ઞાને શિર નમાવ્યું. રાજ્યાભિષેકની તિથિ ઠરી. તે રાજ્યાભિષેકની તિથિના આગલા દિવસે રામ અને સીતા બન્નેને ઉપવાસ કરવાની પિતાની આજ્ઞા થઇ. અગલી રાત્રે બન્નેને શિલાતલ ઉપર ઘાસની પથારીએ શયન કરવાનો આદેશ થયો. તે મુજબ રામસીતાના યુગલે આખી રાત્રિ તપશ્ચર્યામાં વીતાવી. રામયુગમાં પ્રજાપાલકને, રાજ્યધુરા ધારણ કરનારને, એટલો સંયમ આચરવો પડતો, એટલું તાપસ જીવન અંગીકાર કરવું પડતું.

અને આજે? આજે એ તપશ્ચર્યાનો, એ સંયમનો આદર્શ ક્યાં રહ્યો છે? આજે રાજ્યાભિષેકને વખતે રાજકુમાર મદાંધ બને છે, રાજાને ન શોભે એવા જલસાઓ અને રંગરાગો માંડે છે. હમણાંજ કાશ્મીરમાં રાજ્યાભિષેકનો મહોત્સવ ઉજવાય છે, અખબારોમાં પ્રસિદ્ધ થયું છે કે, કાશ્મીરનરેન્દ્ર હરિસિંહે એ પ્રસંગે પાંચ લાખ રૂપીઆ તો રંડીઓને અને નર્તિકાઓને નોતરવા પાછળ જ કાઢ્યા છે, અને એવોજ ઉડાઉ પચાસ લાખ રૂપિઆના ખર્ચનો ક્રમ ગોઠવ્યો છે. આજે આપણી એ દશા છે. આપણા રાજાઓમાંથી પ્રજાપતિની લાયકાત ગઇ છે. પ્રજાપાલક બનવાને જોઇતી તપશ્ચર્યા અને સંયમ તેમણે વણસાડ્યાં છે. રાજસ્થાનને માટે એ સ્વેચ્છાચારના અંતરમાંથી ભયંકર આગાહી ઉઠે છે.

રામના રાજ્યાભિષેકના સમાચાર સાંભળી, રામચંદ્રની ઓરમાન માતા કૈકેયીના હૃદયમાં દ્વેષની હોળી પ્રકટી. રાત્રે હરખાતા હરખાતા દસરથ રાજા કૈકેયીને મંદિરે આવ્યા, ત્યારે કૈકેયીએ તેમની પાસેથી તેના લેણા બે વર માગ્યા. રામચંદ્રને વનવાસ અને ભરતને ગાદી.

પ્રાપ્તિના કૈકેયીએ માગણી કરી. દશરથ એ સાંભળી મૂર્ચ્છિત થયા. આખી રાત મૂર્ચ્છામાં વીતાવી.

પ્રભાતે પિતા દશરથને અને માતા કૈકેયીને પ્રણામ કરવા રામચંદ્ર કૈકેયીના મહાલયે આવ્યા. તેમણે પિતાને મૂર્ચ્છિત જોયા. રામચંદ્રે આજ્ઞા કરવાને પિતાને આજીજીઓ કરી, તોએ પિતાજી કશું ન બોલ્યા. રામને પારાવાર ગ્લાનિ થઇ. પિતા કેમ બોલતા નથી? મારો અપરાધ શો છે? પિતા આજ્ઞા કરે તો હું અગ્નિમાં ઉતરૂં, શિર કાપી આપું, સમુદ્રમાં પડું, પિતાની આજ્ઞા મેં કદી ઉથાપી નથી; છતાં પિતાજી મારા ઉપર નારાજ કેમ છે? રામ પિતાની પાસે થંભી ગયા.

આખરે કૈકેયીએ તેના વચનની વાત સંભળાવી અને દશરથના વચનને ખાતર ચૌદ વર્ષનો વનવાસ ભોગવવા ચાલ્યા જવા આજ્ઞા કરી. રામચંદ્રના મુખ ઉપર એક રેખાયે ન બદલાઇ. જેટલા આનંદથી તે પિતાને પાયવંદન કરવા આવેલા તેટલાજ આનંદથી તે પિતાની આજ્ઞાનું પાલન કરવા ચાલી નીકળ્યા. કશાજ ઉદ્વેગ વિના યોગીની નિસ્પૃહતાથી રામચંદ્રે વસુંધરાનું રાજ્ય ત્યાગી, વનનો માર્ગ લીધો. આ પ્રસંગમાં પુત્રધર્મ બોધાયો છે. રામ જેવા આજ્ઞાધારી પુત્રો આજે ક્યાં છે?

રામચંદ્રને વનવાસ મળ્યો ત્યારે ભરત તેમને મોસાળ હતા. તે પાછા આવ્યા; તેમને રાજમુકુટ પહેરવા કૈકેયીએ વાત્સલ્યપૂર્વક વિનતિ કરી. ભરતે રાજ્ય સ્વીકારવાની ના પાડી માતાને તેના દુષ્કૃત્ય માટે ઠપકો દીધો. વડિલ બંધુ રામચંદ્રજીને પાછા તેડી લાવવા અયોધ્યાના નગરજનો સાથે તે ચિત્રકૂટ ચાલ્યા. રામે તો આખરે ભરતની એ પ્રાર્થના ન સ્વીકારી અને પિતાની આજ્ઞા મુજબ

વનવાસ ભોગવવાનુંજ પ્રબંધ કર્યું. રામના એ અસ્વીકારથી શોકાન્વિત બની ભરત અને પ્રજા પાછાં વળ્યાં. ભરતે રામચંદ્ર વનવાસથી પાછા ફરે ત્યાં સુધી તપશ્ચર્યા કરવાનો અને રાજસિંહાસને રામચંદ્રની પાદુકા સ્થાપી તેનું શાસન પ્રવર્તાવવાનો નિશ્ચય કર્યો. તે નિશ્ચય મુજબ ચૌદ વર્ષ રામચંદ્રની પાદુકાના અનુચર તરીકે તેમણે અયોધ્યાનું રાજતંત્ર ચલાવ્યું.

ભરત જેવા ભ્રાતૃધર્મ પાળનારા બાંધવો આજે ભરતખંડમાં ક્યાં છે?

ભરત પ્રજાજનોની સાથે ચિત્રકૂટને માર્ગે જતા હતા. રસ્તામાં એક નદીને તીરે નિષાદ રાજા તેમનું સ્વાગત કરવા ઉભેલા. નિષાદ એટલે પંચમ એવી તે વખતની માન્યતાને અથાઓ ય ઠરાવી ભરત કુમાર નિષાદરાજને ભેટી પડ્યા. તેનું ભાવભર્યું સ્વાગત હોંશે સ્વીકાર્યું. વેદમાં ચાર વર્ણો બોલ્યા છે; પંચમના જેવો કોઇ પાંચમો વર્ણ હોઇ શકેજ કેમ? ભરતે નિષાદરાજાને અને તેમના લાખો ભીલોને ચતુર્વર્ણમાં લીધા અને તેમનો ઉદ્ધાર કર્યો.

એ ભરતને પગલે ચાલનારા ક્ષત્રિયો આજે ક્યાં છે? આજે સાત કરોડ અછૂતો ભરત જેવા ક્ષત્રિય નૃપતિની વાટ જોઇ રહ્યા છે અને એ અછૂતોની સેવા તો કેટલી જબ્બર છે! **આપણામાં કદરદાની હોય, આપણે કૃતજ્ઞતામાં માનતા હોઇએ તો તો એ અછૂતોને, એ ભીલોને આપણે એક પળવાર પણ આપણાથી અળગા ન રાખી શકીએ એટલો વિપુલ તેમનો ઉપકાર છે.**

હિંદુપતિનો ઇલકાબ પ્રજાએ એક પ્રતાપને જ આપ્યો છે. એ પ્રતાપની બધી ફોજ જ્યારે મુસલમાન શહેનશાહો સાથેની લડાઇમાં

નાશ પામી અને પ્રતાપ એકલો અસહાય બની ગયો, ત્યારે એ હિંદુપતિ મહારાણાનું કોણે રક્ષણ કર્યું હતું? અછૂતોએ—કામઠા-ધારી ભીલોએ તેમના શબનો કોટ રચી, મહારાણા પ્રતાપને સુરક્ષિત રાખેલા. ત્યારપછી શિવાજી મહારાજના જાનની રક્ષા કરનારા અછુતો—મહારો જ હતા. તે ઉપરાંત ગુરૂ તેજબહાદુરનું શીર દુશ્મનોની તલવારથી કપાઇ જ્યારે જમીન ઉપર રઝળવા માંડયું, ત્યારે તેને જતનપૂર્વક ઉપાડી, પોલવાળી નાજુક ટોપલીમાં પધરાવી, ગુરૂ ગોવિંદસિંહ પાસે એ મસ્તકને લઇ જનાર અને ભક્તિપૂર્વક તેમના ચરણમાં એ શિર ધરનાર પણ એક ભંગી જ હતો. અછૂતોની એવી એવી ઐતિહાસિક સેવાઓ છે. આપણે એ સેવાઓનો બદલો આજે કેવી રીતે વાળીએ છીએ?

રામચંદ્ર પિતાની આજ્ઞાનું પાલન કરવા ચિત્રકૂટ છોડી ભીષણ વનોની ભીતરમાં આગળ ચાલ્યા. રામચંદ્રને પિતાની આજ્ઞા હતી કે, તેમણે ચૌદ વર્ષ સુધી વનની તપશ્ચર્યા કરવી. રામની સાથે સ્વેચ્છાએ વનવાસ સ્વીકારનારા લક્ષ્મણની પ્રતિજ્ઞા હતી કે, પોતે ચૌદ વર્ષ સુધી વડીલ ભ્રાતા રામચંદ્રની સેવા ઉઠાવવી. રામચંદ્રની છાયા સરીખડાં સીતાજીએ વ્રત ધરેલું કે, પોતે રઘુવીરને પગલે અનુસરી રઘુવીરની સાથે સર્વ પ્રકારની કઠોર તપશ્ચાર્યા માંડવી. રામ, લક્ષ્મણ અને જાનકીની ત્રિપુટીએ એ નિશ્ચય કેવી અડગ દ્રઢતાપૂર્વક પાળ્યો, એનાં અનેક ઉદાહરણો રામાયણમાંથી સાંપડે છે. તેમાં સૌથી જ્વલંત ઉદાહરણ રામ અને સીતાના બ્રહ્મચર્યનું છે.

સીતાનું રાવણે હરણ કર્યું, ત્યાર પથી રામલક્ષ્મણ સીતાની શોધમાં ભટકતા ભટકતા વાનરોની કિષ્કિન્ધા નગરીમાં આવી પહોંચ્યા. સીતાને પીઠ ઉપર નાખી આકાશમાર્ગે ઉડતો લંકા તરફ ચાલ્યો જતો રાવણ જ્યારે કિષ્કિન્ધા પાસેથી નીકળ્યો, ત્યારે વાન-

રોના ટોળામાં સીતાજીનાં થોડાં આભૂષણો પડેલાં. તેમાં હાથના બાજુબંધ, કાનનાં કુંડળ અને પગનાં નુપુર હતાં. વનરાજ સુગ્રીવે એ આભરણો રામચંદ્રજીના ચરણમાં ધર્યાં. રામચંદ્રજી એમાંથી એકે ઘરેણાને ઓળખી શક્યા નહિ. ઘરેણાં લક્ષ્મણે નીરખવા માંડ્યાં.

माहं जानामि केयूरम् नाहं जानामि कुण्डलम्।
नूपुरं चैव जानामि नित्यं पादाभिवन्दनात् ॥

કેયુર કે કુંડળને હું નથી ઓળખતો; નિત્ય પાયવંદન કરવાના કારણે એક નુપુરોને જ ઓળખું છું.

લક્ષ્મણ સીતાજીના માત્ર નુપુરને જ ઓળખી શક્યા અને રામચંદ્રજી કશું ઓળખી શક્યા જ નહિ, એ બતાવે છે કે, વનવાસનાં ચૌદ વર્ષ દરમિયાન રામચંદ્રે સીતાજીના દેહ ઉપર નજર સરખી પણ નહોતી કરી. આવા બ્રહ્મચર્યે જ રામમાં રાક્ષસનાં ધાડાંઓને હણવાની અને રાવણનાં માથાં રણમાં રોળી નાખવાની તાકાત મુકી. આજે જો એવો બ્રહ્મચારી નીપજે, તો દુનિયાને તેના બળથી તાબુજ કરી મુકે; પણ એવું બ્રહ્મચર્ય કયાં છે?

સીતાજી અશોકવનમાં એકલાં બેઠાં છે. રાવણ અને તેના અનુચર રાક્ષસો દરરોજ સીતાજી પાસે આવી અનેક પ્રકારની ધમકીઓ આપી જાય છે; પણ સીતાજી ઉંચી નજર પણ કરતાં નથી. સતી સીતાજી ઉંચી નજર કરે તો રાક્ષસો બળીને ભસ્મ થઇ જાય. છતાંયે સીતાજી એમ શા માટે નથી કરતાં?

હનુમાનજી સીતાજીની ભાળને અર્થે સમુદ્ર ઓળંગી લંકા નગરીમાં આવ્યા અને ફરતા ફરતા અશોકવનમાં જઇ પહોંચ્યા; ત્યારે સીતાજી તે રાક્ષસીઓની સતામણી ચુપચાપ સહી લેતાં જોઇને

હનુમાનજીને સવાલ થયો કે, પળમાત્રમાં ગમે લોકોને ભસ્મ કરવાનું સામર્થ્ય ધરાવનારાં સીતાજી આ જુલમ શા માટે સહન કરે છે? તેમણે રાક્ષસીઓને સીતાજીની પાસેથી કાઢી મુકી પોતાની સમસ્યાનો ઉકેલ માગ્યો, સીતાજીએ ઉત્તર દીધો:—

'પુત્ર હનુમાનજી! મારા એક પતિવ્રતના પ્રભાવથી, મારા સતીત્વના તેજથી હું રાવણને બાળીને ભસ્મ કરી શકું તેમ છું; પણ રામચંદ્રજીની ગેરહાજરીમાં હું મારો એ પુણ્યસંચય ખર્ચી નાખવા નથી માંગતી. રામચંદ્ર મારી સાથે ન હોય ત્યાં સુધી અશોકવનમાં જ રહીશ અને તેમના નામની માળા જપીશ!'

હનુમાનજીને સીતાનાં દર્શન કર્યાં પછી અને તેમના ઉપર ગુજરતો રાક્ષસોનો જુલમ નિરખ્યા પછી, સીતાજીને એકલાં અશોક વનમાં મૂકી, પાછા ફરવું ઠીક ન લાગ્યું. તેમણે સીતાજીના પગમાં માથું નમાવી આજીજી ઉચ્ચારી કે: 'માતા! તારું દુઃખ મારાથી નથી સહાતું, તેમ તને એકલી મુકીને પાછા ફરતાં મારો જીવ નથી ચાલતો; માટે તમે મારી પીઠ ઉપર સવાર થઇ જાવ અને હું તમને રામચંદ્રજી પાસે લઇ જાઉં.'

સીતાએ તે ન માન્યું. તેણે કહ્યું કે: 'મારા શરીરને રઘુવીર સિવાય કોઇનો સ્પર્શ થઇ શકે નહિ. રાવણે મને તેની પીઠ ઉપર નાખી ત્યારે હું મુર્છાવશ હતી એટલે લાચાર હતી. વીર હનુમાન! તમે સુખેથી સીધાવો. હું તો રામચંદ્ર લંકા આવી મને તેડી જાય ત્યાં સુધી અશોકવનમાં જ રહીશ અને તપશ્ચર્યા કરીશ.' હનુમાનજી સીતા મૈયાના પાદામ્બુજ (ચરણકમળ) માં ફરી વાર મસ્તક નમાવી ત્યાંથી નીકળ્યા.

સીતાજીની આવી બ્રહ્મચર્યભાવના અને આવી તપશ્ચર્યાને પરિણામેજ લવકુશ જેવા વીરશિરોમણી પુત્રો પાકે. આજે સીતાજીના આદર્શનો એક સહસ્રાંશ પણ ભારતની મહિલાઓના આચારમાં દેખાય છે? ભારતની દેવીઓના જીવનમાં સીતાજીનું બ્રહ્મચર્ય નથી, સીતાજીનું તેજ નથી, સીતાજીની તપશ્ચર્યા નથી, સીતાજીનું સતીત્વ નથી એટલે જ આજે ભારતમાં લવકુશ અશક્ય થઈ પડ્યા છે, એટલે જ ભારતવર્ષની આજે આ દુર્દશા છે.

રાવણ પડ્યો. લંકામાં રામચંદ્રજીના વિજયની નોબતો વાગવા માંડી. સીતાજીને અશોકવનમાંથી વાજતે ગાજતે રામચંદ્રજી સમક્ષ તેડી લાવવામાં આવ્યો. સીતાજીની વિશુદ્ધિ કરવા અગ્નિકુંડ રચવા માં આવ્યો. સીતાએ અગ્નિકુંડમાં પડી, તેમની પવિત્રતાની પરીક્ષા આપવા તૈયાર થયાં; પણ રામચંદ્રજીએ સીતાજીનો હાથ ઝલ્યો 'ના દેવી! અમને તમારી ખાત્રી છે.' રામચંદ્રે સીતાજીને પોતાની સાથે સિંહાસને બેસાડ્યાં સીતારામની બેલડી સિંહાસને શોભવા લાગી. રામાયણ પૂરું થયું.

આખા રામાયણમાં—સમગ્ર રામચરિત્રમાં એક વસ્તુ ખાસ મનનીય છે. રામયુગમાં સ્ત્રીઓને સર્વ પ્રકારની સ્વતંત્રતા હતી. સ્ત્રી પુરુષના જેટલાજ અધિકાર ભોગવતી, એટલુંજ નહિ પણ સ્ત્રી પુરુષ કરતાં વધારે માનની હક્કદાર ગણાતી. રામાયણમાં સર્વત્ર સીતારામ લખાયું છે; ક્યાંય રામ સીતા નથી લખાયું. પ્રથમ સીતા અને પછી રામ. આજે! યુરોપ કે જે સ્ત્રીબહુમાનને માટે દુનિયાભરમાં પંકાય છે, ત્યાં પણ સ્ત્રીઓને રામયુગ જેટલું ગૌરવવંતુ સ્થાન નથી. વિલાયતમાં આજે રાજા જ્યોર્જ અને રાણી મેરી બોલાય છે; પણ રામયુગમાં તો કોઈ સીતારામને બદલે રામસીતા બોલે તો મોટો અપરાધ મનાતો.

રામચંદ્ર અયોધ્યા આવ્યા. અયોધ્યાને રાજસિંહાસને રામચંદ્રની પધરામણી થઇ. પહેલો દરબાર ભરાયો. લંકાથી સાથે આવેલા વાનર સુભટો દરબારમાં તેમની માનભરી જગ્યાએ બેઠા. એ સુભટોના સરદારસમા મારૂતી પણ તેમને આસને બેઠા. રામચંદ્રજીએ એ સુભટોને તેમની વીરતાની કદરમાં ઇનામો આપવા માંડયાં. બધાને ઇનામોની નવાજેશ થઇ.પણ હનુમાનને કશું ઇનામ ન મળ્યું. સીતાજીને આ નિરખી અચંબો થયો તેમણે પોતાના ગળામાંથી સાચા મોતીનો મહામુલ્યવાન નવસેરો હાર કાઢીને હનુમાનને આપ્યો, હનુમાનજીએ હારનું એક એક મોતી મો વતી તોડી, એને નીચે ફેંકી દેવા માંડયું. એમ પાંચ–છ મહામુલાં મોતી ટુકડા કરીને ફેંકી દીધાં. સીતાજી આ ન સમજી શક્યાં. તેમને હનુમાનના આ વાનરવેડા જોઇ દુખ થયું, તેમણે હનુમાનને તેમ ન કરવા સૂચવ્યું.

માતા! આપનો આ હાર મારે નકામો છે. હું એનું મોતી તોડી તોડીને એનું અંતર નિહાળું છું, પણ તેમાં મને ક્યાંય રામનામ નથી મળતું, અને જેમાં રામનામ ન હોય, એવી કોઇ વસ્તુની મારે શી જરૂર છે? હનુમાનનો એ ઉત્તર સાંભળી સીતાજી સ્તબ્ધ બની ગયાં

આજે એવો હનુમાન ક્યાં છે? એવો ભક્તશિરોમણી મહાવીર ક્યાં છે? મહર્ષિ દયાનંદનું જીવન ઘણી રીતે મર્યાદા પુરૂષોત્તમ રામચંદ્રના જીવનને મળતું આવે છે, પણ રામચંદ્રને હનુમાન જેવો સેવક મળ્યો અને દયાનંદને ન મળ્યો એટલું દયાનંદનું જીવનકાર્ય અધુરૂં રહ્યું છે.*

---

*સ્વામી શ્રદ્ધાનંદજી પોતેજ એવા એકનિષ્ઠ સેવક હતા તે તો તેમનું જીવન કાર્યજ પ્રત્યક્ષ દર્શાવી આપે છે. એવા મરીને જીવી ગયેલા સેવકો–ધર્મવીરો–શહીદોને અમારાં અનેકાનેક વંદન હો!

મહર્ષિ દયાનંદના ઓ અનુયાયીઓ! ઓ બ્રાહ્મણો અને ક્ષત્રિયો! ઓ હિંદુઓ! તમે દયાનંદને ચહાતા હો, તમે હિંદુત્વના ઉદ્ધારના કામને સફલ કરવા ઇચ્છતા હો તો તમે વીર હનુમાન જેવા સાચા સેવક બનો. રામની કે દયાનંદની તસ્વીર પાછળ ઘેલા બનનારા ખોટા સેવકો નહિ; પણ અંતરમાં રામનામ રાખનારા અને દયાનંદનું જીવનકાર્ય અપનાવી લેનારા સાચા સેવક બનો.

રામાયણના મહા કાવ્યમાં, પુરૂષોત્તમ રામચંદ્રના જીવનમાં દરેકે દરેક પ્રકારનો જીવન-ધર્મ આલેખાયો છે; પણ આજે એ રામાયણનું પઠનપાઠન જ ચુકાયું છે, એટલે એમાં બોધેલા જીવનધર્મના આચરણનો તો અવકાશજ ક્યાં રહે છે? ભારતના ક્ષત્રિય વીરો! જે રઘુવંશના સંતાન હોવાનું તમે માનો છો, તે રઘુવંશને દીપાવવાને અને જે હિંદુધર્મના રક્ષક તરીકે તમારાં ગૌરવગાન ગવાય છે, તે હિંદુધર્મની રક્ષાર્થે તમે સાચા ક્ષત્રિય બનો, રામાયણમાં બોધેલો ક્ષાત્રધર્મ જીવનમાં ભરો; અને ભારતની દેવીઓ! રામચંદ્રનું બધું બળ સીતાને આધારેજ હતું. તેમ આજનું ભારતોદ્ધારનું કાર્ય પણ તમારા વિના-આર્ય મહિલાઓના સહચાર વિના-સિદ્ધ થવું અશક્ય છે. ઓ દેવીઓ! તમે સીતા બનો, તમે લવકુશને જન્મ આપનારી માતાઓ બનો; તમે હનુમાનને કુખમાં ધરનારી અંજની દેવીઓ બનો. ઓ આર્ય મહિલાઓ અને ઓ ક્ષત્રિયો! તમારા બન્નેના વર્ચસ્વ ઉપરજ ભારતના ઉદ્ધારનો આધાર છે.

રા. પું. આર્યપ્રકાશ મુદ્રણાલયમાં બાપુભાઇ કુબેરદાસ પટેલે
પ્રકાશકને માટે છાપ્યું. તા. ૨૬-૫-૨૭.